
# આગામી ૨૪મીએ આકાશમાં દેખાશે અદ્‌ભૂત નજારો

## પાંચ ગ્રહો એક સાથે જોવા મળશે, ૨૪ જૂને આ દૃશ્ય પૃથ્વી પર ૧૮ વર્ષ પહેલા ૨૦૦૪માં જોવા મળ્યું હતું

ગાંધીનગર, તા. ૫

કેટલીકવાર આકાશમાં કેટલીક આશ્ચર્યજનક ખગોળીય ઘટનાઓ બને છે. જ્યોતિષની દૃષ્ટિએ આ ઘટનાઓની અસર ભલે ગમે તે હોય પણ આ દુર્લભ સ્થળોને જોવા દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. આવો જ એક નજારો આ મહિને આકાશમાં જોવા મળશે. આ માસમાં બુધ, શુક્ર, મંગળ, ગુરૂ અને શનિ ગ્રહો એક સાથે જોવા મળશે. આ દુર્લભ દૃશ્ય આ પહેલા પૃથ્વી પર ૧૮ વર્ષ પહેલા ૨૦૦૪માં જોવા મળ્યું હતું. ત્યારે પણ આ પાંચ ગ્રહો એક સાથે જોવા મળ્યા હતા. આ ૧૮ વર્ષમાં પ્રથમ વખત બની રહ્યું છે. જ્યારે આ મહિનામાં પાંચ ગ્રહો બુધ, શુક્ર, મંગળ, ગુરૂ અને શનિ એક ક્રમમાં હશે અને તેઓ સવારે જોવા મળશે. સવારે ક્રમિક રીતે જોઈ શકાય છે. આ પાંચ ગ્રહો માટે આટલી સીધી રેખામાં દેખાવા એ કોઈ દુર્લભ ઘટના નથી. આ પહેલા આ તમામ ગ્રહો ૨૦૦૪માં પણ આવી જ રીતે આવ્યા હતા. તેઓ ફરી એકવાર ૨૦૪૦માં સાથે જોવા મળશે. ૨૪ જૂનનો આ નજારો વધુ રસપ્રદ રહેશે. આ દિવસે ચંદ્ર, શુક્ર અને મંગળની વચ્ચે પણ દેખાશે. આ ઘટનાનું વર્ણન કરતા હેઈનકેને કહ્યું હતું કે આ ઘટના ભલે દુર્લભ ન હોય પરંતુ જ્યારે તમે વહેલી સવારે ઘરની બહાર આવો છો અને તમે આ ગ્રહોને એક સીધી રેખામાં જોશો તો તે પોતે જ દુર્લભ હશે. જૂન મહિનો જેમ જેમ આગળ વધતો જશે તેમ તેમ બુધને જોવાનું સરળ બનશે. આ પછી ૨૪ જૂને આ દર્શન ખૂબ જ ખાસ બની જશે.



## વિશ્વપર્યાવરણ દિન નિમિત્તે શહેરને હરિયાળું બનાવવાનો સંકલ્પ : મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ




ગાંધીનગર, તા. ૫

રવિવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર ૧માં આવેલ તળાવ ગાર્ડન ખાતે સાંજે ૪ વાગે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની ઉજવણી માટે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ, નાયબ મ્યુનસિપલ કમિશનર કેયુર જેઠવા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ કાઉન્સિલરોએ હાજરી આપી હતી. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પર્યાવરણ અંગે જાગૃતી ફેલાવવા અને વૃક્ષોનો મહિમા સમજાવવા માટે તમામ મહાનુભાવો દ્વાર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ તમામ પદાધિકારીઓ તેમજ અગ્રણીઓએ એક અઠવાડિયાની અંદર ૭૫-૭૫ વૃક્ષ વાવવાનો સંકલ્પ લીધો છે. જેની શરૂઆત તેઓએ વિશ્વ પર્યાવરણ દિવસથી કરી દીધી છે.

પાટનગરની ગ્રીનસિટી તરીકેની ઓળખાણ વિસ્તૃત બને અને શહેરને અમૂલ્ય વૃક્ષોના છાયામાં શીતળ બનાવી શકાય તે હેતુસર મહાનગર પાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને નાગરિકોને પણ વૃક્ષોની જાળવણી માટે સંદેશ આપવામાં આવ્યો.

# સે. ૨૮ની એન્જિનિયરિંગ કોલેજ પાસે લાઈટોના થાંભલાની વ્યવસ્થાની માંગ

## ધર્મ સર્કલ પાસે નાસ્તાનો હબ હોવાથી રાત્રે હોસ્ટેલની છોકરીઓ માટે અંધારપટમાં નીકળવામાં મુશ્કેલી તથા રોમિયોગીરીનો ખતરો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં શિક્ષણને લગતી વિવિધ સંસ્થાઓ આવેલી છે. સ્કૂલ, કોલેજ અને વિવિધ યુનિવર્સિટીઓ આપણા પાટનગરમાં હોવાથી અહીંયા દૂર-દૂરથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ શિક્ષણ અર્થે આવતા હોય છે. જેમાં તેઓને રહેવા માટે આ સંસ્થાઓ દ્વારા હોસ્ટેલનું નિર્માણ કરેલુ છે.

જે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ-અલગ રહેવા માટે ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલનું નિર્માણ કરેલુ છે. આ ઉપરાંત શહેરમાં પીજી અને ભાડે મકાનોમાં રહીને ભણતરની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરમાં સેક્ટર-૨૮ની એન્જિનિયરીંગ કોલેજ તરફ ધર્મ સર્કલ (એલઆઈસી સર્કલ) આસપાસ નાસ્તાનો હબ હોવાથી રાત્રે મોડા સુધી છોકરા-છોકરીઓની અવરજવર રહેતી જોવા મળે છે. જેમાં સે. ૨૮ની આ કોલેજની હોસ્ટેલમાં નાસ્તા માટેની સુવિધા ન મળતા આ નાસ્તાની દુકાનોમાં તેઓ નાસ્તો ખરીદવા માટે નીકળે છે. જ્યાં રાતના સમયે આ વિસ્તારમાં સેફ્ટી જેવું જોવા મળી રહ્યું નથી. કારણ કે અહીંયા સોલર લાઈટોના થાંભલા બંધ હાલતમાં હોવાથી રાતના સમયે ઘોર અંધકાર છવાઈ જાય છે. તેવામાં રોમિયોગીરી કરતા નબીરાઓને રાતના સમયે છોકરીઓને હેરાન પરેશાન કરવાનો મોકો મળી જાય છે.

આ વિસ્તારમાં અમુક જગ્યાએ તો લાઈટોના થાંભલા જ નથી મુકાયા તેથી હોસ્ટેલની છોકરીઓને રાત્રી દરમિયાન અહીંયા અવરજવર કરવી મુશ્કેલી સમાન બની ગઈ છે.

મોડે સુધી વિદ્યાર્થીનીઓ વાંચન કરતા ચા-કોફીની આદત હોય તેઓ અવશ્ય તેના માટે નાસ્તાના હબમાં જાય છે. જ્યાં રાત્રી દરમિયાન યુવાવર્ગનું ટોળુ બેસેલુ જોવા મળે છે. તેવામાં કોઈ છોકરીઓની છેડતી કરી જાય તે પહેલા અહીંયા સોલર લાઈટની વ્યવસ્થા કરવી જોઈએ તથા આ વિસ્તારમાં હોમગાર્ડની પણ વ્યવસ્થા કરવી જોઈએ. જે રાત્રીના ૮ વાગ્યાથી સવાર સુધી ૫૦૦ મીટરના આ વિસ્તારમાં દેખરેખ રાખી શકે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને. યુ.પી.માં રોમિયોગીરી કરનારા અસામાજિક તત્વો માટે પીંક ટાસ્ક ફોર્સની વ્યવસ્થા કરવામાં આવી છે. આપણે અહીંયા મહિલા પોલીસની she ટીમ છે.

નાઈટ પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે તેમ છતાં આવા અડ્ડાઓ પાસે હોમગાર્ડ જવાનની દેખરેખ અનિવાર્ય છે. શહેરમાં હોમગાર્ડ જવાનોની સંખ્યા પણ વધારે છે. જેમને આવી કામગીરી સોંપવામાં આવશે તો વિદ્યાર્થીનીઓ માટે સુરક્ષા અને છેડતી કરનારાઓમાં ભયનો માહોલ રહેશે.



ગાંધીનગરની અતુલ્ય વારસો સંસ્થા દ્વારા કચ્છમાં સચરાચરો વરસાદ થાય અને આપણા ઐતિહાસિક સ્થાપત્યો પ્રત્યે લોક જાગૃતિ વધે તે ઉદ્દેશ્યથી ભુજના રામકુંડ ખાતે જળપૂજા અને દીપમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજના હમીરસર તળાવ ખાતે આવેલા રામકુંડને દિવડાઓથી શણગારવામાં આવ્યું હતું અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય અને ભુજ નગરપાલિકા પ્રમુખ ઘનશ્યામ ઠક્કરના હસ્તે જળપૂજા કરવામાં આવી હતી.

# આઈઆઈટીઈનો નવતર પ્રયોગ : પરીક્ષાના દિવસે જ પરિણામ

## સામાન્ય રીતે બોર્ડ અને યુનિવર્સિટીની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન તટસ્થ થઈ શકે તે હેતુથી ખાખી સ્ટીકર કે ડીઝીટલ એસેસમેન્ટ કરવાનો ટ્રેન્ડ છે જેથી ઉમેદવારની ઓળખ ખાનગી રાખી શકાય

ગાંધીનગર, તા. ૫

આઈઆઈટીઈએ તેની સેમેસ્ટર એન્ડ પરીક્ષામાં તેને સંલગ્ન ૫૯ બી.એડ. કોલેજના ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીનું મૂલ્યાંકન પોતાની કોલેજના અધ્યાપકોને સોંપી મૂલ્યાંકનની હેતુલક્ષિતા સાથે અધ્યાપકો પરના ભરોસાને પ્રાથમિકતા આપી.

અજાણ્યું એટલે અનાત્મલક્ષી અને ઓળખીતું એટલે આત્મલક્ષી એવી માન્યતા છે, હકીકત નથી તેવી પૂર્વધારણાને ચકાસણીના એરણ પર મૂકતાં તા. ૨૩ મે થી તા. ૧લી જૂન દરમ્યાન યોજાયેલ યુનિવર્સિટી પરીક્ષાને આચાર્યો-અધ્યાપકો સાથે ચિંતન



શિબિરમાં અને એકેડેમિક કાઉન્સિલમાં મંજુર કરી 'શીખવે તે મૂલવે' અભિગમને આગળ ધપાવ્યો.

યુનિવર્સિટી દ્વારા મોકલેલ પ્રશ્નપત્ર આધારિત લખાયેલ ઉત્તરવહીનું મૂલ્યાંકન સંસ્થા ખાતે જ કરવાનું નક્કી કરવામાં આવ્યું. અધ્યાપકોના સહયોગથી એ કામ સમયસર તા. ૧લી જૂનના રોજ પૂર્ણ કરવામાં આવ્યું. ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન સેમેસ્ટર ૪ અને બપોરે ૧ થી ૨ દરમ્યાન સેમેસ્ટર ૨ ના ઉમેદવારોને આઈઆઈટીઈના પ્રતિનિધિની હાજરીમાં મૂલ્યાંકન કરેલી ઉમેદવારની પ્રત્યેક ઉત્તરવહીઓ જે તે ઉમેદવારને સ્વ-અભ્યાસ હેતુ આપવામાં આવી જેથી તેણે લખેલા ઉત્તરોમાં મૂલ્યાંકન યોજના મુજબ ગુણાંકન થયું છે કે કેમ !જરૂર જણાય ચકાસણી કરનાર અધ્યાપક પાસેથી સ્પષ્ટતા-માર્ગદર્શન મેળવી શકાય અને ગુણાંકમાં ફેરફાર થઈ શકે. ગુણ તપાસણી અને ચકાસણી તત્કાળ શક્ય બની. આમ પરીક્ષા પૂર્ણ થઈ તે જ દિવસે પરીક્ષાર્થીઓ તેમનું પરિણામ જાણી શક્યા. જેથી આગામી ૧૨ જૂનથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી તેઓ શિક્ષકના વ્યવસાયમાં જોડાઈ શકે. આ સમગ્ર પ્રક્રિયાનો શ્રેય આ કાર્યમાં પોતાના કાર્ય દ્વારા આહુતિ આપનાર તમામ સંલગ્ન કોલેજોના આચાર્યો તથા તમામ અધ્યાપકોને જાય છે.

# યુથ હોસ્ટેલ્સ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

યુથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગાંધીનગર યુનિટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે યુથ હોસ્ટેલ ભવન ખાતે નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના સહકારથી 'પર્યાવરણ સંરક્ષણ' વિષય ઉપર એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ બે વય જૂથમાં સ્પર્ધા કરવામાં આવી હતી. નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના સ્ટેટ ડાયરેક્ટર મનિષાબહેન શાહ, જિલ્લા કોઓર્ડિનેટર પંકજકુમાર મતરેચા, યુથ હોસ્ટેલ એસોસિએશન, ગાંધીનગર યુનિટના ચેરમેન ચૈતન્ય નિમાવત, માનદ મંત્રી જે. બી. સાધુ, ખજાનચી પ્રિયંક પરમાર, કમિટી મેમ્બર્સ પૂજા વસાવડા, ધ્યાન ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ચિત્ર સ્પર્ધાની સાથોસાથ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ માટેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

દેશનો છે નિર્ધાર
મજબૂત માળખાકીય સુવિધાઓ
પહોંચાડવી છે ૧૦૦% લોકોને દ્વાર





- પીએમ ગતિ શક્તિ
  - ન્યુ ઈન્ડિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે રૂ. ૧૦૦ લાખ કરોડનો મલ્ટી મોડલ માસ્ટર પ્લાન
  - એક એકીકૃત પોર્ટલ દ્વારા તમામ યોજનાઓ અને વિભાગો વચ્ચે શ્રેષ્ઠ સંકલન
- છેલ્લા આઠ વર્ષમાં હાઇવે નિર્માણની ઝડપ દરરોજ ૧૨ કિ.મીથી વધીને હવે ૨૯ કિમી થઈ છે : પરિવહનની ઝડપ વધી
- પીએમ ગ્રામ સડક યોજના હેઠળ છેલ્લા આઠ વર્ષમાં ૩.૨૭ લાખ કિમીના રસ્તાઓ બનાવવામાં આવ્યા : ૯૯%થી વધુ ગામો પાકા રસ્તાથી જોડાયા
- દેશમાં એરપોર્ટની સંખ્યા ૭૪ થી વધીને ૧૪૦ થઈ, ૯૬ લાખથી વધુ લોકોએ UDAN યોજના હેઠળ સસ્તી હવાઈ મુસાફરીનો લાભ લીધો
- ૫ શહેરોની સામે હવે ૨૦ શહેરોમાં દોડવા લાગી મેટ્રો ટ્રેન : શહેરી વાહનવ્યવહાર થયો સરળ
- રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વર્લ્ડ ક્લાસ બનાવવા અને ટ્રેનોની ઝડપ વધારવા પર ધ્યાન કેન્દ્રિત; ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર, સ્વદેશી વંદે ભારત ટ્રેન, કિસાન રેલ જેવા મહત્વપૂર્ણ પગલાં
- આંતરદેશીય જળમાર્ગો પર કાર્ગોની અવરજવરમાં લગભગ ૭ ગણા વધારાને કારણે પરિવહન થયું સસ્તું
- મુખ્ય બંદરો પર કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા બમણી થતા સરળ થયો વેપાર
- ૧૦ હજાર ફૂટની ઉંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી અટલ ટનલથી વાહનવ્યવહારના સમયમાં થયો ઘટાડો
- પ્રગતિ પ્લેટફોર્મ દ્વારા પ્રોજેક્ટના સમયસર અમલ માટે પ્રધાનમંત્રી પોતે કરે છે સમીક્ષા




૮ વર્ષ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના

"૨૧ મી સદીનું નવું ભારત, આજે એક શ્રેષ્ઠ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે. સારા રસ્તાઓ, સારું રેલ નેટવર્ક, સારા એરપોર્ટ, આ માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ નથી, પરંતુ તે સમગ્ર પ્રદેશની કાયાપલટ કરી લોકોનું જીવન સંપૂર્ણપણે બદલી નાખે છે."

— નરેન્દ્ર મોદી —